ઇકોલોજી સાથે હેરિટેજ સંરક્ષણનો સમન્વય જરૂરી

નવરચના યુનિવર્સિટી અને VMCના સહયોગથી 'ઈકોલોજી-બેઝ્ડ હેરિટેજ કન્ઝર્વેશન' પર ચર્ચા

વડોદરા : નવરચના યુનિવર્સિટીના સેન્ટર ફોર હેરિટેજ રિસર્ચ દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ૨૮ સપ્ટેમ્બરે 'ઈકોલોજી-બેઝ્ડ હેરિટેજ કન્ઝર્વેશન' વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો હતો. હેરિટેજ કન્ઝર્વેશન, અર્બન પ્લાનિંગ અને સસ્ટેનેબલ મેનેજમેન્ટમાં પર્યાવરણીય અભિગમની ભૂમિકા અંગે નિષ્ણાતોએ ચર્ચા કરી હતી. ઉદ્ઘાટન સત્રમાં VMC કમિશનર અરુણ મહેશ બાબુ, નવરચના યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. પ્રત્યુષ શંકર સહિત NIUAનાં ડિરેક્ટર ડૉ. દેબોલિના કુંડુ, દ્રોણાહ ફાઉન્ડેશનનાં ચેરપર્સન ડૉ. શિખા જૈન, ડૉ. સોનલ મિથલ, પ્રો. (ડૉ.) અજય ખરે અને ડૉ. વરદ સબનીસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. પ્રત્યુષ શંકરે હેરિટેજ, ઈકોલોજી અને શહેરોને એકબીજા સાથે જોડીને જોવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઐતિહાસિક મંદિરો, વાવો, સરોવરો અને પવિત્ર વૃક્ષો જેવા વારસાસ્થળોનો આસપાસના ભૂ-દૃશ્ય સાથેનો સંબંધ સમજાવ્યો હતો. ડૉ. દેબોલિના કુંડુએ શહેરોને 'લિવિંગ સિસ્ટમ્સ' તરીકે જોવાની જરૂરિયાત દર્શાવી હતી.

મધ્યરાત્રે ધક્કા ખાતા દર્દીઓ, બહારથી મોંઘા ભાવે દવા ખરીદવા મજબૂર

સયાજી હોસ્પિટલમાં '૨૪ કલાક ખુલ્લા' રહેતા જન ઔષધિ કેન્દ્રને રાત્રે તાળાં

બોર્ડ પર ૨૪x૭ ખુલ્લા હોવાનો દાવો, પરંતુ વાસ્તવિકતામાં રાત્રે તાળાબંધીથી દર્દીઓના સગા હેરાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧ એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓને ઓછા ખર્ચે ગુણવત્તાસભર અને સસ્તી દવાઓ મળી રહે તે માટે 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર' યોજના શરૂ કરવામાં આવી છે, તો બીજી તરફ વડોદરાની સયાજી હોસ્પિટલ પરિસરમાં આ યોજનાની પોલ ખોલતી ગંભીર બેદરકારી સામે આવી છે. હોસ્પિટલના કેમ્પસમાં આવેલા જન ઔષધિ કેન્દ્ર પર ₹૨૪x૭ ઓપન - તેવું મોટું આકર્ષક બોર્ડ લગાવાયું છે, પરંતુ હકીકતમાં આ કેન્દ્ર પર રાત્રિના સમયે તાળાં લટકી રહ્યાં છે, જેના કારણે ગરીબ દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સયાજી હોસ્પિટલમાં માત્ર વડોદરા જ નહીં પરંતુ આખા મધ્ય ગુજરાતના અકસ્માત, ગંભીર બીમારીઓ અને પ્રસૂતિના કિસ્સાઓ માટે આશાનું કેન્દ્ર છે. મધરાતે કે દૂર-દૂરથી આવતા કટોકટીના દર્દીઓને તબીબો દ્વારા પ્રિસ્ક્રિપ્શનમાં જન ઔષધિ કેન્દ્રમાંથી રાહત દરે દવા લાવવાની ભલામણ કરવામાં આવે છે. પરંતુ, જ્યારે દર્દીના સ્વજનો હાથમાં ચિઠ્ઠી લઈને કાઉન્ટર પર પહોંચે છે, ત્યારે ત્યાં સન્નાટો અને મોટું તાળું જોવા મળે છે. સવારે જ્યુબિલી કે અન્ય વોર્ડમાં ઓપરેશન કે ડિલિવરી હોય તેવા દર્દીઓ માટે રાત્રે જ ઈન્જેક્શનની કીટ, સર્જિકલ આઈટમો અને લિક્વિડ મંગાવવામાં આવે છે. આ તમામ ચીજવસ્તુઓ બહારના મેડિકલ સ્ટોર્સમાં અત્યંત મોંઘા ભાવે મળે છે, જ્યારે જન ઔષધિમાં તે સસ્તી મળે છે. કેન્દ્ર બંધ હોવાના કારણે ગરીબ પરિવારો રાત્રિના સુમારે હોસ્પિટલના ગેટ અને કંપાઉન્ડમાં ભટકવા મજબૂર બને છે અને અંતે ખિસ્સા ખાલી કરીને બહારની દુકાનોમાંથી મોંઘી દવાઓ ખરીદવા લાચાર બને છે.

દરજીપુરામાં વૃક્ષારોપણ અને શાળા પરિસર સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

વડોદરા : રાજ્યવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે આજરોજ આદર્શ નિવાસી અનુ. જાતિ કન્યા શાળા, દરજીપુરા-વડોદરા ખાતે મેયરશ્રી ગીતાબેન મકવાણા, કોર્પોરેટરશ્રી ચેતનભાઈ પરમાર અને મીનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં વડોદરા ઝોન સંયુક્ત નિયામકશ્રી નયનાબેન શ્રીમાળી, નાયબ નિયામકશ્રી આર.બી. વસાવાના સંકલનમાં બન્ને કચેરીઓના સ્ટાફ સહિત શાળાના આચાર્ય, શાળાના શિક્ષકશ્રીઓ અને છાત્રાલય પરિવાર તથા વિદ્યાર્થીઓની હાજરીમાં વૃક્ષારોપણ અને શાળા પરિસર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં મહાનુભાવો અને પરિવારજનોએ સાથે મળી શાળા કેમ્પસ સફાઈ અભિયાન શરૂ કર્યું હતું. ઉપસ્થિત સૌએ શાળા કેમ્પસની સફાઈ હાથ ધરી કેમ્પસને સ્વચ્છ બનાવ્યું હતું.

ડિમાન્ડ નોટિસ

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, 1st ફ્લોર, C.S.T. રોડ પાસે, કાલિના, મુંબઈ 400098

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના રૂલ 3(1) સાથે વાંચતા, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ("ધ એક્ટ")ની સેક્શન 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ.

એ વાત ધ્યાન પર લેવી કે, નીચે જણાવેલ અસાઇનરે તેના નામે/પોતાની ક્ષમતામાં ટ્રસ્ટી તરીકે એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (આથી આ પછી "EARC" તરીકે ઓળખાશે)ના વિવિધ ટ્રસ્ટોને નાણાકીય અસ્કયામતો સોંપી દીધી છે. સરફેસી એક્ટ, 2002ની સેક્શન 5 હેઠળ સોંપણી કરાર મુજબ, EARCએ તમામ હક, ટાઇટલ અને અસાઇનરના હિતો સંબંધિત નાણાકીય અસ્કયામતો સાથે અન્ડરલાઈંગ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ, ગેરંટી, ગીરો જે EARCમાં નિહિત થયેલ છે, બોરોઅર દ્વારા મેળવેલ નાણાકીય સહાય સંબંધિત પગલાં લીધા છે અને EARC સુરક્ષિત લેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે.

નીચે સહી કરનાર એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ ("EARC")ના ઓથોરાઈઝ્ડ ઓફિસર સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના રૂલ 13(12) ના રૂલ 3 સાથે વાંચતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની સેક્શન 13(2) હેઠળ આપેલ સત્તાની રૂએ અસાઇનરે નીચે જણાવેલ બોરોઅર(ઓ)ને ઈશ્યુ કરેલ સંબંધિત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ ઈશ્યુ કરી છે.

ઉપરોક્ત સંદર્ભમાં, બોરોઅર(ઓ)ને આ નોટિસ દ્વારા ફરી એકવાર EARCને નોટિસ પ્રકાશિત થયાની તારીખથી 60 દિવસની અંદર નીચે જણાવેલ માંગણી નોટિસની તારીખથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી વધુ વ્યાજ સાથે ચૂકવવા માટે જણાવવામાં આવે છે, જે સદર બોરોઅર(ઓ) દ્વારા કરવામાં આવેલ લોન એગ્રીમેન્ટ અને અન્ય દસ્તાવેજો/લખાણ હેઠળ ચૂકવવાપાત્ર છે. લોનની યોગ્ય ચુકવણી માટે સિક્યોરિટી તરીકે, નીચે જણાવેલ મિલકત અનુક્રમે સદર બોરોઅર(ઓ) દ્વારા EARCને મોર્ગેજ કરવામાં આવી છે.

અ. નં.	લોન ખાતા નંબર	ટ્રસ્ટનું નામ અને વેચાણ કરનાર સંસ્થા	બોરોઅર / કો-બોરોઅર / ગેરંટરનું નામ	13(2) નોટિસ તારીખ અને 13(2) નોટિસ રકમ
1	SHLHVDD R0000779	ટ્રુહોમ ફાઇનાન્સ લિમિટેડ & EARC ટ્રસ્ટ SC 473	1. ધર્મેન્દ્ર કુમાર પરમાર (ઉધાર લેનાર) 2. પરમાર હરેશ (સહ-ઉધાર લેનાર) 3. પરમાર દક્ષાબેન (સહ-ઉધાર લેનાર)	22-09-2026 અને રૂ.19,92,640.09/- (રૂપિયા ઓગણીસ લાખ બાણું હજાર છસો ચાલીસ અને નવ પૈસા માત્ર) તા. 02-09-2026ના રોજ

સિક્યોર્ડ એસેટ્સની વિગતો (મિલકતની અનુસૂચિ): જમીન મોજે ગામ - તરસાળી સીમમાં, વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની હદમાં, વડોદરા સબ-ડિસ્ટ્રિક્ટ, વડોદરા રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટના ડિવિઝન-2 (દંતેશ્વર) ખાતે આવેલી છે, જેનો બ્લોક/સર્વે નંબર 63 છે, જેનું ક્ષેત્રફળ આશરે 16390 ચો.મી. છે. ઉક્ત બ્લોક નંબર 63 વાળી જમીન ટી.પી. સ્કીમ નંબર-38 (તરસાળી)માં એફ.પ્લોટ નંબર-42 તરીકે સમાવિષ્ટ છે. જે મુજબ જમીનનું ક્ષેત્રફળ 9834 ચો.મી. થાય છે. જેમાંથી 4924 ચો.મી. ઉત્તર તરફ છે. જે બિનખેતીની જમીન છે. મંજૂર થયેલા પ્લાન મુજબ, ઉપરોક્ત જમીન પર "શાંતમ સ્કાઈલાઇન" સ્કીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોમર્શિયલ દુકાનો અને રહેણાંક ફ્લેટનું બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર કુલ 18 કોમર્શિયલ દુકાનો છે અને ટાવર-A, B, C, D, E, F અને Gમાં કુલ 196 રહેણાંક ફ્લેટ છે. જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વઃ માર્જિન સ્પેસ અને ત્યારબાદ 18.00MT. ટી.પી. રોડ આવેલ છે, પશ્ચિમઃ લિફ્ટ અને ત્યારબાદ ફ્લેટ નંબર B-603 આવેલ છે, ઉત્તરઃ ફ્લેટ નંબર B-601 આવેલ છે, દક્ષિણઃ ફ્લેટ નંબર C-601.

અ. નં.	લોન ખાતા નંબર	ટ્રસ્ટનું નામ અને વેચાણ કરનાર સંસ્થા	બોરોઅર / કો-બોરોઅર / ગેરંટરનું નામ	13(2) નોટિસ તારીખ અને 13(2) નોટિસ રકમ
2	0130S BML02 040	વિસ્તાર ફાઇનાન્શિયલ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ અને EARC ટ્રસ્ટ SC 502	1. ઠાકોરભાઈ છગનભાઈ પરમાર (ઉધારકર્તા) 2. વિમલાબેન ઠાકોરભાઈ પરમાર (સહ-ઉધારકર્તા)	22-09-2026 અને રૂ. 3,18,893.93/- (રૂપિયા ત્રણ લાખ અઢાર હજાર આઠસો ત્રાણું અને ત્રાણું પૈસા ફક્ત) 02-09-2026ના રોજ

સિક્યોર્ડ એસેટ્સની વિગતો (મિલકતની અનુસૂચિ): વેરણિયું ફળિયું નારસંડા રોડ મોજે બમરોલી સબ ડિસ્ટ્રિક્ટ પેટલાદ ડિસ્ટ્રિક્ટ આણંદ. સીમાઓઃ પૂર્વઃ ચંદુભાઈની મિલકત, પશ્ચિમઃ રોડ, ઉત્તરઃ રોડ, દક્ષિણઃ રવજીભાઈની મિલકત, આણંદ, ગુજરાત 387345.

અ. નં.	લોન ખાતા નંબર	ટ્રસ્ટનું નામ અને વેચાણ કરનાર સંસ્થા	બોરોઅર / કો-બોરોઅર / ગેરંટરનું નામ	13(2) નોટિસ તારીખ અને 13(2) નોટિસ રકમ
3	0134S BML01 785	વિસ્તાર ફાઇનાન્શિયલ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ અને EARC ટ્રસ્ટ SC 502	1. ઇદ્રિશ અહમદભાઈ શેખ (ઉધારકર્તા) 2. સાહલ ઇદ્રિશ શેખ (સહ-ઉધારકર્તા) 3. સજ્જાદ ઇદ્રિશ શેખ (સહ-ઉધારકર્તા) 4. સિદ્દીકા ઇદ્રિશ શેખ (સહ-ઉધારકર્તા)	22-09-2026 અને રૂ. 2,94,118.71/- (રૂપિયા બે લાખ ચોરાણું હજાર એકસો અઢાર અને એકોતેર પૈસા ફક્ત) 02-09-2026ના રોજ

સિક્યોર્ડ એસેટ્સની વિગતો (મિલકતની અનુસૂચિ): હોળી ચકલા નગીના મસ્જિદ નજીક નડા રોડ ડિસ્ટ્રિક્ટ પંચમહાલ શેહેરા. સીમાઓઃ પૂર્વઃ નંબર 23, દક્ષિણઃ C S No 8/2, પશ્ચિમઃ રોડ નં. 8 પૈકી, ઉત્તરઃ નો પૈકી, ગોધરા, ગુજરાત, 389210.

અ. નં.	લોન ખાતા નંબર	ટ્રસ્ટનું નામ અને વેચાણ કરનાર સંસ્થા	બોરોઅર / કો-બોરોઅર / ગેરંટરનું નામ	13(2) નોટિસ તારીખ અને 13(2) નોટિસ રકમ
4	0134S BML0 1809	વિસ્તાર ફાઇનાન્શિયલ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ અને EARC ટ્રસ્ટ SC 502	1. દશરથસિંહ અભેસિંહ ચૌહાણ (ઉધારકર્તા) 2. અભેસિંહ રૂમાલભાઈ ચૌહાણ (સહ-ઉધારકર્તા) 3. લીલાબેન અભેસિંહ ચૌહાણ (સહ-ઉધારકર્તા) 4. હીરાબેન દશરથસિંહ ચૌહાણ (સહ-ઉધારકર્તા)	22-09-2026 અને રૂ. 43,789.12/- (રૂપિયા તેતાલીસ હજાર સાતસો નેવ્યાસી અને બાર પૈસા ફક્ત) 02-09-2026ના રોજ

સિક્યોર્ડ એસેટ્સની વિગતો (મિલકતની અનુસૂચિ): મકાન નંબર 217 પાંડાવિયાના મુવાડા ધાણેત્રા ડિસ્ટ્રિક્ટ ગોધરા. સીમાઓઃ પૂર્વઃ કરણસિંહનું મકાન, દક્ષિણઃ ચંદુભાઈનું મકાન, પશ્ચિમઃ રોડ, ઉત્તરઃ દલ્લાભાઈ રૂમાલભાઈનું મકાન, ગોધરા, ગુજરાત, 389001.

અ. નં.	લોન ખાતા નંબર	ટ્રસ્ટનું નામ અને વેચાણ કરનાર સંસ્થા	બોરોઅર / કો-બોરોઅર / ગેરંટરનું નામ	13(2) નોટિસ તારીખ અને 13(2) નોટિસ રકમ
5	BDQG H2200 8891	સેન્ટ્રમ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ અને EARC ટ્રસ્ટ SC-505	1. રાજેન્દ્રસિંહ નટવરસિંહ રાણા (ઉધારકર્તા) 2. ઋતુરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ (સહ-ઉધારકર્તા) 3. યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ (સહ-ઉધારકર્તા)	22-09-2026 અને રૂ. 33,97,571.33/- (રૂપિયા તેત્રીસ લાખ સત્તાણું હજાર પાંચસો એકોત્તેર અને તેત્રીસ પૈસા ફક્ત) 02-09-2026ના રોજ

સિક્યોર્ડ એસેટ્સની વિગતો (મિલકતની અનુસૂચિ): R S No 21 સંત ક્રિષ્ણા વિલા B/h વણઝારા પાર્ટી પ્લોટ સામે રામ નગર સોસાયટી એટ અને તાલુકો ગોધરા ડિસ્ટ્રિક્ટ પંચમહાલ, પંચમહાલ, ગુજરાત, 389001.

જો ઉક્ત ઉધારકર્તાઓ ઉપરોક્ત જણાવ્યા મુજબ EARC ને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો EARC કાયદાની કલમ 13 (4) અને લાગુ નિયમો હેઠળ ઉપર દર્શાવેલ સિક્યોર્ડ એસેટ્સ સામે આગળની કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે સદર ઉધારકર્તા(ઓ)ના જોખમે અને ખર્ચે રહેશે. ઉધારકર્તાઓને EARC ની અગાઉથી લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ અથવા અન્યથા ઉપરોક્ત અસ્કયામતોની ટ્રાન્સફર કરવા માટે કાયદા હેઠળ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. જે કોઈપણ વ્યક્તિ કાયદા અથવા હેઠળ બનાવેલ નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા તેને પ્રોત્સાહન આપશે, તે કાયદા હેઠળ કેદ અને/અથવા દંડની સજાને પાત્ર રહેશે.

સ્થળઃ ગુજરાત — અધિકૃત અધિકારી

તારીખઃ 02.10.2026 — એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ માટે

Edelweiss Asset Reconstruction

વડોદરાની મધ્ય ગુજરાતની સૌથી મોટી SSG હોસ્પિટલ ફરી વિવાદમાં

SSG હોસ્પિટલના ICU પાસે ગંદકીનું, પાણીના કન્ટેનરમાં જીવડા તરતા જોવાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર વહીવટી બેદરકારીના કારણે વિવાદના ઘેરામાં આવી છે. હોસ્પિટલના ઈમરજન્સી વિભાગના બીજા માળે આવેલા અત્યંત સંવેદનશીલ આઈ.સી.યુ. વોર્ડની બહાર જ ગંદકીના સામ્રાજ્ય અને પીવાના પાણીની ભારે અનિયમિતતા સામે આવતા દર્દીઓ અને તેમના સ્વજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ICU વિભાગની નજીક દર્દીઓ અને સગાંસંબંધીઓ માટે મુકવામાં આવેલા પાણીના કન્ટેનર તથા કુલરની આસપાસ અને અંદર ચોંકાવનારી

બેદરકારી જોવા મળી હતી. પાણીના કન્ટેનરમાં કચરો જમા થયેલો હોવાની સાથે તેમાં કીડીઓ ફરતી અને સફેદ રંગના જીવડાં પણ તરતા નજરે પડ્યા હતા. આટલી મોટી સરકારી હોસ્પિટલમાં દર્દીઓના આરોગ્ય સાથે સીધા ચેડાં સમાન આ દ્રશ્યોએ હોસ્પિટલ તંત્રની સફાઈ વ્યવસ્થા અને સેનેટરી વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. હોસ્પિટલમાં પોતાના સ્વજનોની સારવાર અર્થે રોકાયેલા દર્દીઓના સગાંઓએ પોતાની વેદના ઠાલવતા જણાવ્યું હતું કે, અહીં કુલરમાંથી આવતું પાણી ખૂબ જ ખારું અને દુર્ગંધયુક્ત છે. તેમ છતાં, અન્ય કોઈ વિકલ્પ ન હોવાને કારણે મજબૂરીવશ આ જ દૂષિત પાણી પીવા માટે તેઓ લાચાર બન્યા છે. અવારનવાર ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓની મુલાકાતો થતી હોવા છતાં ગ્રાઉન્ડ રિયાલિટીમાં દર્દીઓની આ પાયાની સમસ્યાઓનો કોઈ ઉકેલ આવતો નથી.

વડોદરા જિલ્લામાં ૮મી ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહ ઉજવાશે

વડોદરા : રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મ જયંતિ નિમિત્તે દર વર્ષે ૨ ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર સુધી સમગ્ર ગુજરાત રાજ્યમાં 'નશાબંધી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે વડોદરા જિલ્લામાં અધિક્ષક, નશાબંધી અને આબકારી કચેરી તથા જિલ્લા નશાબંધી સમિતિ દ્વારા વિવિધ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓના સહયોગથી વ્યાપક નશાબંધી પ્રચાર-પ્રસાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર ડૉ. અનિલ ધામેલીયા તથા નશાબંધી અને આબકારી અધિક્ષકશ્રી એસ. એમ. માંગરોળીયા દ્વારા સમાજમાંથી વ્યસન જેવા દૂષણો દૂર થાય, માનવ સમાજ સજાગ બને.

દેશ-વિદેશની ૨૦૪ શાળાઓના ૧૫૦૦ ખેલાડીઓનો જમાવડો

વડોદરામાં પ્રથમ વખત CBSE નેશનલ TT ટુર્નામેન્ટનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1 શહેરમાં પ્રથમ વખત સીબીએસઈ નેશનલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરાયું છે. શેરખી સ્થિત પોદાર વર્લ્ડ સ્કૂલને આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટના યજમાનપદની જવાબદારી મળી છે, દેશમાંથી 204 જેટલી સીબીએસઈ શાળાઓના આશરે 1500 જેટલા ખેલાડીઓ અહીં પોતાનું કૌવત બતાવશે. સાથે મસ્કત, કુવૈત, ઓમાન, બહેરિન, યુએઈ, કતાર અને સાઉદી અરેબિયા જેવા દેશોની ટીમોના જોડાવાથી આ સ્પર્ધા આંતરરાષ્ટ્રીય કક્ષાની બની છે. ઉદ્ઘાટન સમારોહમાં વડોદરાના મેયર ગીતાબેન મકવાણા, મ્યુ.કમિશનર અરુણ મહેશ બાબુ, ડેપ્યુટી મેયર, પૂર્વ ઈન્ટરનેશનલ ક્રિકેટર સી. વિલિયમ્સ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

રાજયોગીની બ્ર. કુ. ડૉ. નેહાદીદી ઉપસ્થિત રહેશે

અટલાદરા બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા આજે સંમેલન યોજાશે

કલા-સંસ્કૃતિના માધ્યમથી પ્રેમ, શાંતિ અને સદભાવનાનો સંદેશ આપતું સંમેલન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ આધુનિક યુગમાં કલાના માધ્યમથી માનવીય મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે અટલાદરા બ્રહ્માકુમારીઝ તથા કલા-સાંસ્કૃતિક પ્રભાગ દ્વારા 'વૈશ્વિક સંસ્કૃતિ - પ્રેમ, શાંતિ અને સદભાવના' પ્રોજેક્ટ અંતર્ગત ૨૪મા વાર્ષિક મહોત્સવ નિમિત્તે કલા-સાંસ્કૃતિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૫ થી ૭:૩૦ કલાક દરમિયાન બ્રહ્માકુમારીઝ 'આત્મચિંતન ભવન', પાદરા રોડ, અટલાદરા, વડોદરા ખાતે યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે રાજયોગીની બ્ર. કુ. ડૉ. નેહાદીદી (મણીનગર સબઝોન સંચાલિકા) અને મુખ્ય અતિથિ તરીકે એમ.એસ. યુનિવર્સિટીના પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના ડીન પ્રો. અજય અષ્ટપુત્રે ઉપસ્થિત રહેશે. વિશેષ અતિથિ તરીકે ગુજરાતી લોકગાયક પિયુદાન ગઢવી, શ્રીમતી સપના શાહ, ડૉ. રાગીની શાહ અને ડૉ. પ્રીતિ દામલે હાજરી આપશે. મંચ સંચાલન બ્ર. કુ. ડૉ. દામિનીબેન કરશે. સંમેલન દરમિયાન વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ થશે અને અંતમાં 'પ્રભુ પ્રસાદ'નું આયોજન રખાયું છે. આ પ્રસંગે કલા અને સંસ્કૃતિ પ્રભાગના સંયોજિકા બ્ર. કુ. જાગૃતિબેન પણ પધારશે.

અટલાદરા સેન્ટરના સંચાલિકા બ્ર. કુ. ડૉ. અરુણાબેન દ્વારા તમામ કલાપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

વડોદરામાં 'એક દિન, એક કલાક' શ્રમદાન કાર્યક્રમ યોજાયો

વડોદરાઃદેશભરમાં ચાલી રહેલા 'સ્વચ્છતા હી સેવા 2026' અભિયાન અંતર્ગત સંસ્કારી નગરી વડોદરા ખાતે 'એક દિન, એક કલાક' સ્વચ્છતા શ્રમદાન કાર્યક્રમનું સફળ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રમદાનના આ વિશેષ કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો, વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓએ સ્થળ પર ઉપસ્થિત રહીને પોતે હાથમાં સાવરણો પકડી સફાઈ કરી હતી અને નાગરિકો સમક્ષ સ્વચ્છતાનો ઉત્કૃષ્ટ દાખલો બેસાડ્યો હતો. આ સફાઈ અભિયાનનો પ્રારંભ શહેરના દંતેશ્વર તળાવ ખાતેથી કરવામાં આવ્યો હતો, જે આગળ વધીને બંસલ મોલ સુધીના સમગ્ર માર્ગ પર હાથ ધરવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા શ્રમદાન કાર્યક્રમમાં વડોદરા શહેર ભાજપ પ્રમુખ જયપ્રકાશ, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, માંજલપુર વિધાનસભાના ધારાસભ્ય સતીશભાઈ પટેલ, વડોદરાના મેયર ગીતાબેન મકવાણા તથા દંડક બાલકૃષ્ણ શુક્લ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ વખત મહિલા ટીમોનો સમાવેશ

વડોદરામાં બરોડા બાસ્કેટબોલ લીગની ત્રીજી સિઝનનો પ્રારંભ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૦ આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ ખેલાડી દિશાંત શાહ દ્વારા આયોજિત 'બરોડા બાસ્કેટબોલ લીગ-સીઝન ૩'નો સમા ઈન્ડોર કોમ્પ્લેક્સ ખાતે પ્રારંભ થયો હતો. ૧થી ૪ ઑક્ટોબર દરમિયાન યોજાનારી લીગમાં ૬ પુરુષ અને ૪ મહિલા ટીમો ભાગ લઈ રહી છે. વડોદરામાં પ્રથમ વખત લીગમાં મહિલા ટીમોનો પણ સમાવેશ કરાયો છે. ઉદ્ઘાટન પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, આવકવેરા વિભાગનાં એડિશનલ ડિરેક્ટર ભાવના સિંહ, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સના એમડી પ્રણવ અમીન, નવરચના એજ્યુકેશન સોસાયટીનાં ચેરપર્સન તેજલ અમીન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ખેલાડીઓ અને આયોજકોને પ્રોત્સાહિત કર્યા હતા. લીગના સ્થાપક દિશાંત શાહે આઠ વર્ષ સુધી ભારતીય બાસ્કેટબોલ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું છે અને ચાર વર્ષ કેપ્ટન તરીકે સેવા આપી છે. યુવા ખેલાડીઓને તક મળે અને વડોદરામાં બાસ્કેટબોલને પ્રોત્સાહન મળે તે હેતુથી લીગનું આયોજન કરાયું છે. દરેક ટીમમાં વડોદરા બહારના બે ખેલાડીઓ છે.

MSUની જર્નાલિઝમ ફેકલ્ટીના વિદ્યાર્થીઓની ઓલ્ડ એજ હોમની મુલાકાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.1 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓએ આગવી રીતે ઈન્ટરનેશનલ ડે ફોર ઓલ્ડર પર્સન્સની ઉજવણી કરી હતી. જેમાં દાદા-દાદીની થીમ પર એક વિશેષ નુક્કડ નાટક ભજવ્યું હતું. જેમાં જિંદગીને આનંદમય રીતે વિતાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ફેકલ્ટીના બેચલર અને માસ્ટર ડિગ્રીના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ગોત્રી સ્થિત સ્વર્ગ ગોલ્ડન એજ હોમની મુલાકાત લઈ ત્યાં રહેતા સીનિયર સિટીઝન્સના જીવનને નજીકથી જાણવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન વિદ્યાર્થીઓએ વડીલો સમક્ષ ડાન્સ પરફોર્મન્સ, ભજન, કવિતા પાઠ અને ગીતો રજૂ કરીને તેમનું મનોરંજન કર્યું હતું. તેમજ દાદા-દાદીની થીમ પર એક વિશેષ નુક્કડ નાટક ભજવ્યું હતું, વિદ્યાર્થીઓએ પોતાના હાથે બનાવેલા શુભેચ્છા કાર્ડ પણ વડીલોને ભેટ આપ્યા હતા. વડીલોએ પણ વિદ્યાર્થીઓની આ પહેલને બિરદાવી હતી અને ભારતીય સમાજના પારિવારિક મૂલ્યો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

નંદેસરીમાં રાત્રે જીવજંતુ કરડતા સગીરાનો જમણો પગ બહેરો થયો

વડોદરાઃશહેર નજીક આવેલા નંદેસરી ગામમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગામમાં રહેતી ૧૪ વર્ષીય સગીરાને ગત રાત્રે ઘરમાં જ અજાણ્યા જીવજંતુએ કરડી લેવાની ઘટના બની હતી. આ ઝેરી અસરના કારણે સગીરાનો જમણો પગ બહેરો થઈ જતાં તેને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સગીરાને સવારે તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. હોસ્પિટલના તબીબો દ્વારા સગીરાની તાત્કાલિક ધોરણે પ્રાથમિક તપાસ શરુ કરી દેવામાં આવી છે અને ઝેરની અસર અટકાવવા માટેના જરૂરી ઈન્જેક્શનો તથા દવાઓ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. તબીબોની ટીમ સગીરાની પ્રકૃતિ પર સતત નજર રાખી રહી છે. ચોમાસા કે બદલાતી ઋતુમાં અંધારામાં ચાલતી વખતે અથવા સૂતી વખતે સાપ, વીંછી કે અન્ય ઝેરી જીવજંતુઓથી બચવા ખાસ કાળજી રાખવી જરૂરી છે.

પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી ખાતે રાષ્ટ્રીય તબલા કાર્યશાળા પૂર્ણ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના તબલા વિભાગ દ્વારા બે દિવસીય રાષ્ટ્રીય તબલા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 70 થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. Tradition and Innovation in Tabla Repertoire વિષય પર આયોજિત આ વિશેષ કાર્યશાળામાં પ્રસિદ્ધ તબલા વાદક અને ફરૂખાબાદ ઘરાણાના જાણીતા કલાકાર પં. આનંદ બાદામીકર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળામાં 70થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યશાળા દરમિયાન પં. બાદામીકરે ફરૂખાબાદ ઘરાણાની પરંપરાગત બંદિશો, રચનાઓ અને તેની વિશિષ્ટ શૈલી વિશે

વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. તબલાની રચનાઓમાં રહેલી સંભાવનાઓ સમજાવી પરંપરાને જાળવી રાખીને નવીન વિચારો અને સર્જનાત્મક અભિગમ કેવી રીતે વિકસાવી શકાય તે અંગે પ્રાયોગિક તાલીમ પણ આપી હતી.

ઓન લાઇન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં. ૧૩, સને. ૨૦૨૬-૨૭

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર-લુણાવાડા ફોન નં. ૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી રસ્તા / મકાનના કામોના કુલ રૂા. ૩૫૨૭.૨૨ લાખના કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો https://tender.nprocure.com વેબસાઇટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ / એફ.ડી.આર કાર્યપાલક ઇજનેરશ્રી, મહીસાગરને રજુ કરવાના રહેશે.

ઇ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઇન સબમીશનની તારીખ.	તા. ૦૩/૧૦/૨૦૨૬ થી તા. ૧૭/૧૦/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઇન)	તા. ૧૯/૧૦/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૫૩૬/૨૬)

इंडियन बैंक Indian Bank इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website | E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨, જેને સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 18/11/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/ જામીનદારો/ મોર્ગેજરોના નામ	તારીખા ના રોજ કુલ બાકી	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિંમત / ઈએમડી (રૂા.)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	વડોદરા આજવા રોડ	શ્રી ચુનારા રાહુલ (કરજદાર/ મોર્ગેજર)	તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૮,૩૪,૫૪૭.૬૧	૩૧/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેંણાક જૂના મકાન જેવું ઘર જેનું માપ ૩૨.૦૫ ચોરસ મીટર, વડોદરાના દાંતેશ્વર વિસ્તારમાં શીટ નં. ૧૦૧, ચાલતા નં. ૪૯ આવેલ, આર.એસ. નં. ૫૨૫ ધરાવતા, જે શ્રી ગુરુદેવ મેડિકલ સ્ટોર, તળાવની સામે, બરોડા હાઈ સ્કૂલ પાસે, દાંતેશ્વર, જીલ્લો વડોદરા, ગુજરાત ૩૯૦૦૦૪. સદરહુ મિલકતની ચતુઃદિશાઃ ઉત્તરઃ આર.એસ. નં. ૫૨૬, દક્ષિણઃ આર.એસ. નં. ૫૨૪, પૂર્વઃ મુખ્ય રસ્તો, પશ્ચિમઃ મુખ્ય રસ્તો.	સાંકેતિક	11,87,000/- / 1,18,700/-	IDIB30303634599	Deepak Kumar Vaishnav (M) 99500 75555
૨.	વડોદરા આજવા રોડ	(૧) શ્રીમતી રેશ્માબેન સુનિલભાઈ ચુનારા (કરજદાર/ મોર્ગેજર), (૨) શ્રી સુનિલ અશોકભાઈ ચુનારા (કરજદાર/ મોર્ગેજર)	તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૧૪,૩૦,૮૩૪.૬૩	૦૮/૦૫/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેંણાક ફ્લેટ નંબર ૫૦૨, પાંચમો માળ, ''શ્રી કુંથુનાથ રેસિડેન્સી'' જેનું માપ ૧૧૫૦ ચોરસ ફૂટ, વિજય સોસાયટી નજીક, આર.વી. દેસાઈ રોડ, આ મિલકત રેવન્યુ સર્વે નંબર ૨૬૧, વિભાગ એ, ટિક્કા નંબર ૩૩/૫ સિટી સર્વે નંબર ૩૬૦, કુલ માપ ૫૮૫૯ ચોરસ ફૂટ પૈકી ૪૨૯૪ ચોરસ ફૂટ હેઠળ નોંધાયેલ. તે ગામ નવાપુરા, વડોદરા કસબા, જીલ્લો વડોદરા, ગુજરાત ૩૯૦૦૦૧. સદરહુ મિલકતની ચતુઃદિશાઃ ઉત્તરઃ ફ્લેટ નંબર ૫૦૩, દક્ષિણઃ આર.એસ. નંબર ૨૬૨ જવાહર સોસાયટી, પૂર્વઃ જાહેર રસ્તો, પશ્ચિમઃ ફ્લેટ નંબર ૫૦૧.	સાંકેતિક	20,70,000/- / 2,07,000/-	IDIB30252694860	Deepak Kumar Vaishnav (M) 99500 75555

બીડ વધારવાની કિંમત રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૧૮/૧૧/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૦૨/૧૦/૨૦૨૬ થી ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૧૮/૧૧/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction serviceprovider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No.8291220220, email ID: - support.baanknet@psballiance.com and other help line numbersavailable in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd.and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com

તારીખઃ ૦૨/૧૦/૨૦૨૬, સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ — અધિકૃત અધિકારી, ઈંડિયન બેંક.

સ્થળઃ સુરત. (વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)